## સમીક્ષા 274 (1) તારીખ 1/5/2017

**શ્રુષ્ટિ કૌર મિસ ટીન યુનિવર્સ 2017 નો ખિતાબ જીત્યા...**

૧) તાજેતરમાં સૃષ્ટી કૌરને મિસ ટીન યુનિવર્સ 2017 તરીકે પસંદ કરાયા છે.

૨) આ વર્ષની પ્રતિયોગિતામાં વિશ્વના 25 દેશોથી સ્પર્ધકો આવ્યા હતા.

૩) આ પ્રતિયોગીતા મધ્ય અમેરિકાના દેશ નિકારગુઆ દેશની રાજધાની માનાગુઆમાં આયોજિત થયેલ.

૪) સૃષ્ટીએ રાષ્ટ્રીય પોશાકનો ખિતાબ પણ જીતેલ છે. સૃષ્ટી નોઇડાના રહીશ છે.

૫) કેનાડાના સમંથા પિયરે તથા મેક્સિકોના આઈ ટ્રેવા મિસ ટીન યુનિવર્સમાં ઉપ વિજેતા રહેલ છે.

૬) આ સૌંદર્ય પ્રતિયોગિતામાં 15 થી 19 વર્ષની વયની કિશોરીઓ માટે મિસ યુનિવર્સ સંગઠન દ્વારા આયોજિત થાય છે.

૭) આ પ્રતિયોગીતા છ વર્ષથી આયોજિત થઇ રહી છે.(દર વર્ષે તેનું આયોજન થાય છે.)

## સમીક્ષા 275 (1)તારીખ 2/5/17

**આંતરરાષ્ટ્રીય શ્રમ દિવસ 1 મે ના રોજ મનાવવામાં આવ્યો...**

૧) આંતરરાષ્ટ્રીય શ્રમ દિવસને શ્રમિક દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે.

૨) આંતરરાષ્ટ્રીય શ્રમ સંઘોને પ્રોત્સાહન આપવા માટે આ દિવસ મનાવવામાં આવે છે.

૩) આ દિવસ કામ કરવાના આઠ કલાક માટે મજુરોના આંદોલનની જીત માટે મનાવવામાં આવે છે.

૪) આનો ઉદેશ્ય સમગ્ર વિશ્વમાં આર્થિક અને સામાજિક અધિકારો પ્રાપ્ત કરવા માટે શ્રમિકોના બલિદાનને અંજલિ અર્પિત કરવાનો છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૫) ભારતમાં શ્રમ અને રોજગાર મંત્રી બંદારુ દતાત્રેય છે.

૬) તેઓ દ્વારા નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય શ્રમ દિવસ પર આયોજિત સમારોહની અધ્યક્ષતા કરવામાં આવી હતી.

૭) ઘણા સંઘો મજદૂર કલ્યાણની પ્રતિબધ્ધતા માટે આ દિવસ મનાવે છે.

## સમીક્ષા 276 (1)તારીખ 3/5/17

**ચંદ્રબાબુ નાયડુને યુ.એસ.આઈ.બી.સી.પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા...**

૧) આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુને રાજ્ય સ્તર પર અમેરિકી–ભારત ભાગીદારીને આગળ વધારવામાં તેમની ભૂમિકા માટે આ પુરસ્કાર માટે પસંદ કરાયા છે.

૨) યુ.એસ. આઈ.બી.બી.સી. વેસ્ટ કોસ્ટ શિખર સંમેલન દરમીયાન 8 મે ના રોજ તેમને પુરસ્કાર આપવામાં આવશે.

૩) તેમને બેંગ્લોર (સીલીકોન વેલી) માં ભારત–અમેરિકી વ્યાપાર પરિષદમાં એવોર્ડ અપાશે.

૪) આ શિખર સંમેલનમાં વિનિર્માણ, ડીઝીટલીકરણ, કૈશલેસ સમાજની દિશામાં ભારતના પગલાઓ અને ભારત–અમેરિકી વ્યાપારી સંબંધો માટેની ખોજ કરાશે.

૫) આ આયોજનમાં વિભિન્ન ક્ષેત્રોના 150 ઉદ્યોગ લીડર સામેલ થશે.

૬) આ પુરસ્કાર વર્ષ 2016 માં નીતિ આયોગના સીઈઓ અમિતાભકાંતને આપવામાં આવેલ.

૭) આ પુરસ્કાર યુ.એસ.ઈન્ડિયા બિજનેસ કાઉન્સિલ દ્વારા આપવામાં આવે છે.

## સમીક્ષા 277 (1) તારીખ 4/5/2017

**મધ્યપ્રદેશ જાન્યુઆરીથી ડીસેમ્બર નાણાકીય વર્ષ અપનાવનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું...**

૧) મધ્યપ્રદેશ રાજ્ય હાલનું નાણાકીય વર્ષ એપ્રિલ–માર્ચથી બદલીને જાન્યુઆરીથી ડીસેમ્બર કરેલ છે.

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

૨) ભોપાલમાં મળેલ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ બાબતે નિર્ણય લેવામાં આવ્યો હતો.

૩) આ પગલાથી 150 વર્ષથી ચાલી આવતી પરંપરા તૂટશે.

૪) ભારતે વર્ષ 1867 થી એપ્રિલથી માર્ચ નાણાકીય વર્ષ સ્વીકાર્યું હતું.

૫) હવેથી આગળના નાણાકીય વર્ષનું બજેટસત્ર ડીસેમ્બર 2017 અથવા જાન્યુઆરી 2018 માં આયોજિત કરવામાં આવશે.

૬) હાલ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ છે.

૭) મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકેની જવાબદારી ઓમપ્રકાશ કોહલી સંભાળી રહ્યા છે, જે ગુજરાતના રાજ્યપાલ પણ છે.

**સમીક્ષા 278 (1) તારીખ 5/5/17**

**આંધ્રપ્રદેશ પાવર પ્રોજેક્ટ માટે એ.આઈ.આઈ.બી.એ 160 મીલીયન ડોલરનું અનુદાન આપેલછે...**

૧) એ.આઈ.આઈ.બી.નું પુરુનામ એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટ બેંક થાય છે.

૨) ભારતીય પરિયોજના માટે એ.આઈ.આઈ.બી. દ્વારા આપવામાં આવેલ આ પ્રથમ ઋણ છે.

૩) એ.આઈ.આઈ.બી.માં ચીન બાદ ભારત બીજું સૌથી વધારે શેર ધારક રાષ્ટ્ર છે.

૪) આંધ્રપ્રદેશમાં વીજળી ટ્રાન્સમીશન અને વિતરણ પ્રણાલીને મજબુત બનાવવા માટે આ પ્રોજેક્ટને મંજુરી આપવામાં આવી છે.

૫) 24*7 પાવર ફોર ઓલ પરિયોજના ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

૬) વર્ષ 2014 થી હાથ ધરવામાં આવેલ આ અભિયાન અંતર્ગત પાંચ વર્ષમાં નક્કી કરેલ રાજ્યોમાં ગ્રાહકોને સસ્તી અને સારી વીજળી પહોંચાડી શકાય.

૭) એ.આઈ.આઈ.બી. સંસ્થાનું મુખ્ય કાર્યાલય ચીનના બીજીંગમાં આવેલ છે.

**સમીક્ષા 279 (1) તા 6/5/17**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

**ભારતે દક્ષિણ એશિયાઈ દેશો માટે જીસૈટ –9 સેટેલાઈટ લોન્ચ કર્યો...**

૧) ભારતની અવકાશ સંશોધન સંસ્થા દ્વારા 5 મે 2017 ના રોજ જીસૈટ –9 સેટેલાઈટ લોન્ચ કરેલ છે.

૨) આ જીસૈટ –9 સેટેલાઈટ જી.એસ.એલ.વી. દ્વારા લોન્ચ કરવામાં આવેલ છે.

૩) આ ઉપગ્રહનો ઉદેશ્ય દક્ષિણ એશિયાઈ દેશો ભારત સહીત સાત દેશને સંચાર સુવિધા ઉપલબ્ધ કરાવાશે.

૪) જીસૈટ –9 સેટેલાઈટ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સિવાયના તમામ પડોશી દેશોને સંચાર સુવિધા ઉપલબ્ધ કરાવશે.

૫) આ ઉપગ્રહનો પડતર ખર્ચ 235 કરોડ રૂપિયા થયેલ, અને પ્રોજેક્ટ તૈયાર કરતા 450 કરોડનો ખર્ચ થયો.

૬) જીસૈટ –9 સેટેલાઈટનો કાર્યકાળ 12 વર્ષનો રાખવામાં આવેલ છે.

૭) શરૂઆતમાં આ ઉપગ્રહનું નામ સાર્ક રાખવામાં આવ્યું હતું, પરંતુ પાકિસ્તાન દેશે આનાકાની કરતા તેનું નામ બદલી જીસૈટ –9 કરવામાં આવેલ.

**સમીક્ષા 280 (1) તા 7/5/2017**

**કાપડમંત્રી શ્રી સ્મૃતિ ઈરાનીએ હસ્તશિલ્પ કારીગરો માટે હેલ્પલાઇન શરુ કરી...**

૧) કેન્દ્રીય કાપડ મંત્રી શ્રી સ્મૃતિ ઈરાનીએ 5 મે 2017 ના રોજ હસ્તશિલ્પ કારીગરો માટે હેલ્પલાઈન શરુ કરેલ છે.

૨) આ હેલ્પલાઈનનો ઉદેશ્ય સમયાંતરે કારીગરોને મદદ પહોંચાડવાનો છે.

૩) કોઈપણ સમસ્યા વખતે તેને મદદ કરી તેના ઉત્પાદનને બહેતર બનાવવા માટે કાર્ય કરાશે.

૪) સ્મૃતિ ઝુબીન ઈરાની દ્વારા હેલ્પલાઈન 1800–2084–800 શરુ કરેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૫) કેન્દ્રીય મંત્રીના કહેવા અનુસાર હાથ વણાટના કારીગરો માટે શરુ કરાયેલ હાથ વણાટ મિત્ર હેલ્પલાઈન દ્વારા 6707 કરોગરોને મદદ પહોંચાડવામાં આવી છે.

૬) કેન્દ્રીય મંત્રીના કહેવા મુજબ હાથ વણાટ કારીગરોની ગણતરી શરુ થઇ ચુકી છે, આગામી રાષ્ટ્રીય હાથ વણાટ દિનના દિવસે તેઓને ઓળખપત્ર એનાયત કરવામાં આવશે.

૭) હાથ વણાટના કારીગરો માટે સરકાર દ્વારા 75 ટકા શુલ્ક સબસીડી બી.પી.એલ. પરિવારો માટે આપવાનો નિર્ણય કરેલ છે.

## સમીક્ષા 281 (1) તારીખ 8/5/2017

**પ્રતાપ ભાનુ મહેતાને અશોકા યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર નિયુક્ત કરવામાં આવ્યા...**

૧) 4 મે 2017 ના રોજ પ્રતાપ ભાનુ મહેતાને અશોકા યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) યુનિવર્સીટી દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે વ્યાપક વૈશ્વિક શોધખોળ બાદ તેઓની નિયુક્તિ કરવામાં આવી છે.

૩) પ્રતાપ ભાનુ મહેતા દિલ્હી સ્થિત એક પ્રસિદ્ધ સાર્વજનિક બૌદ્ધિક અને નીતિ આધારિત કેન્દ્રના અધિકારી છે.

૪) હરિયાણાના સોનીપતમાં આવેલ આ યુનીવર્સીટીમાં મહેતા 1 જુલાઈ 2017 થી પોતાનો કાર્યભાર સંભાળશે.

૫) તેઓ રુદ્રાન્ગ્શું મુખર્જી બાદ લિબરલ આર્ટસ યુનીવર્સીટીના બીજા વાઈસ ચાન્સેલર હશે.

૬) રુદ્રાન્ગ્શું મુખર્જી હવે ચાન્સેલરનું પદ સંભાળશે, તેઓ આન્દ્રે બેટલનું સ્થાન લેશે.

૭) આન્દ્રેના ત્રણ વર્ષના કાર્યકાળ બાદ મુખર્જી એ પદ સંભાળશે, આ યુનિ.સંપૂર્ણ પણે રેસીડેન્સીયલ યુનિ.છે.

## સમીક્ષા 282 (1) તા 9/5/2017

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્પ્સ ડાઉનલોડ કરો**

**રોયલ સોસાયટીએ ત્રણ ભારતીય વૈજ્ઞાનિકોને પસંદ કર્યા...**

૧) ત્રણ ભારતીય વૈજ્ઞાનિકોને રોયલ સોસાયટીને અધ્યેતાઓ રૂપે પસંદ કરવામાં આવ્યા છે.

૨) યુનાઈટેડ કિંગડમ અને રાષ્ટ્રમંડળની પ્રમુખ વૈજ્ઞાનિક એકડેમીએ કેમ્બ્રિજ યુનીવર્સીટીથી કૃષ્ણા ચેટરજીને વિજ્ઞાનમાં ઉત્કૃષ્ઠ યોગદાન માટે પસંદ કર્યા છે.

૩) તેમણે થાઈરોઈડ ગ્રંથીની રચના માટેના આનુંવાન્શિક વિકારોની ખોજ માટે માન્યતા પ્રદાન કરેલ છે.

૪) કમપ્યુટેશનલ જટિલતાના ક્ષેત્રમાં વણઉકેલાયેલ સમસ્યાઓમાં જાણકારી દેવા માટે ન્યુયોર્ક વિશ્વવિદ્યાલયના સુભાષ ખોતને પસંદ કર્યા છે.

૫) ઓક્સફર્ડ યુનીવર્સીટીના યાદવન્દ્ર માહીને સ્થાનીય પરિસ્થિતિને અન્ય બાબતોના કાર્ય માટે માન્યતા પ્રદાન કરવામાં આવી છે.

૬) આ ત્રણેયની પસંદગી કરવામાં આવી છે. જે ત્યાં અભ્યાસ કરશે.

**સમીક્ષા 283 (1) તારીખ 10/5/2017**

**ઓડીસાની રાજધાનીમાં એશિયાઈ એથલેટીક્સ ચેમ્પિયનશીપનો લોગો અને મૈસ્કોટનું અનાવરણ કરવામાં આવેલ છે...**

૧) ઓડીસાના મુખ્યમંત્રી નવીન પટ્ટનાયક દ્વારા 6 જુલાઈ 2017 ના રોજ ભુનેશ્વરના કલિંગા સ્ટેડીયમમાં આયોજિત થનાર એશિયાઈ એથલેટીક્સ ચેમ્પિયનશીપનો લોગો અને મૈસ્કોટનું અનાવરણ કરેલ છે.

૨) મુખ્યમંત્રીએ ઔપચારિક રૂપથી ભુવનેશ્વરને રમતના આયોજનના મેજબાનના રૂપમાં જાહેર કરેલ છે.

૩) આ અનાવરણ કરાયેલા મૈસ્કોટનું નામ ઓલી ટર્ટલ રાખવામાં આવેલ છે.

૪) ઓડીસાના ગહિરમાથા સમુદ્ર તટ પર લુપ્તપ્રાય પ્રજાતિની પ્રાઈમ નેસ્ટીન્ગ સાઈટ છે, તેથી ઓલીવ રિડલે ટર્ટલના રૂપે દર્શાવેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૫) લગભગ 45 દેશોના 700 થી વધારે રમતવીરો 42 કાર્યક્રમોમાં ભાગ લેશે.

૬) ઓડીસાની રાજધાનીમાં એશિયાઈ એથલેટીક્સ ચેમ્પિયનશીપનો પ્રારંભ થઈ રહ્યો છે, તે આ રમતનું 22 મુ સંસ્કરણ છે.

૭) રાજ્ય દ્વારા સમગ્ર ખેલોનું આયોજન સંપૂર્ણ રીતે સજ્જ થઈને કરવામાં આવી રહ્યું છે.

## સમીક્ષા 284 (1) તા 11/5/2017

**ઝૂલન ગૌસ્વામી વન–ડે માં સૌથી વધારે વિકેટ લેનાર મહિલા ક્રિકેટર બન્યા...**

૧) ભારતીય મહિલા ક્રિકેટ ટીમના મહિલા ખેલાડી ઝૂલન ગૌસ્વામી 9 મે 2017 ના રોજ સૌથી વધારે વિકેટ લેનાર મહિલા ક્રિકેટર બન્યા છે.

૨) તેણીએ ઓસ્ટ્રેલીયાના મહિલા ક્રિકેટર કૈથરીન ફિટસપૈટ્રિકસના 180 વિકેટોના રેકોર્ડને તોડી નાંખેલ છે.

૩) ઝૂલન ગૌસ્વામીએ 153 મેચોમાં 181 વિકેટ લીધેલ છે.વર્ષ 2002 થી તેઓ મહિલા ક્રિકેટ ટીમના તેજ બોલર રહ્યા છે.

૪) ઝૂલન ગૌસ્વામીએ સૌથી વધારે વિકેટ લેવાનો રેકોર્ડ દક્ષિણ આફ્રિકામાં રમાઈ રહેલ ચાર દેશની સીરીઝ અંતર્ગત બનાવેલ છે.

૫) ઝૂલન ગૌસ્વામી એક ઓલ રાઉન્ડર ક્રિકેટર છે, તથા સ્થાનિક ક્રિકેટ તેઓ બંગાળ તરફથી રમે છે.

૬) ઝૂલન ગૌસ્વામી મિતાલી રાજ પહેલા ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે રહી ચુક્યા છે.

૭) ભારત સરકાર દ્વારા તેને વર્ષ 2012 માં પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## સમીક્ષા 285 (1) તા 12/5/2017

**સંજય મિત્રા ભારતના રક્ષા સચિવ તરીકે નિયુક્ત કરાયા...**

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

૧) કેન્દ્રના કેબીનેટ દ્વારા 10 મે 2017 ના રોજ સંજય મિત્રાને રક્ષા સચિવના રૂપમાં નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) સંજય મિત્રા આ પહેલા સડક પરિવહન અને રાજમાર્ગ સચિવ હતા.

૩) કેબીનેટની નિયુક્તિ સમિતિ દ્વારા રક્ષા મંત્રાલયમાં તેમની નિયુક્તિ વિશેષ અધીકારી તરીકે મંજુરી આપવામાં આવી હતી.

૪) સંજય મિત્રા 24 મેં 2017 ના રોજ રક્ષા સચિવનું પદ સંભાળશે.

૫) સંજય મિત્રા પહેલા ભારતના રક્ષા સચિવ તરીકે જી.મોહન કુમાર ફરજ બજાવી રહ્યા હતા.

૬) સંજય મિત્રા આગામી બે વર્ષ માટે પોતાનો પદભાર સંભાળશે.

૭) અન્યમાં રશ્મી વર્મા પર્યટન સચિવ તરીકેનો પદભાર સંભાળશે.

## સમીક્ષા 286 (1) તા 13/5/2017

**11 મે ના રોજ સમગ્ર દેશમાં રાષ્ટ્રીય પ્રદ્યોગીકી દિવસ મનાવવામાં આવ્યો...**

૧) રાષ્ટ્રીય પ્રદ્યોગીકી દિવસને (નેશનલ ટેકનોલોજી દિવસ) તરીકે પણ ઉજવવામાં આવે છે.

૨) 11 મે 1998 માં ભારત દ્વારા બીજું પરમાણું પરીક્ષણ કરવામાં આવેલ.અને તેમાં આપણે સફળ થયા હતા.

૩) આ ઉપરાંત પ્રથમ સ્વદેશી વિમાન હંસ–3 નું પણ પરીક્ષણ આ દિવસે બેંગ્લોરમાં કરવામાં આવેલ.

૪) અને ભારતમાં આજ દિવસે ત્રિશુલ મિસાઈલનું સફળ ફાયરીંગ પરીક્ષણ કરવામાં આવેલ.

૫) આ વર્ષે 19 મો રાષ્ટ્રીય પ્રદ્યોગીકી દિવસ મનાવવામાં આવેલ.

૬) આ વર્ષના રાષ્ટ્રીય પ્રદ્યોગીકી દિવસની થીમ રાખવામાં આવી હતી, ટેકનોલોજી ફોર ઈન્ક્લુંસીવ એન્ડ સસ્ટેનેબલ ગ્રોથ.

૭) હાલમાં પ્રો.આર્શુતોષ શર્મા પ્રદ્યોગીકી વિકાસ બોર્ડના અદ્યક્ષ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

## સમીક્ષા 287 (1) તા 14/5/2017

**ગુજરાતના અમદાવાદ ખાતે આગામી 21 મી જુન આંતરરાષ્ટ્રીય યોગ દિન ઉજવવામાં આવશે.**

૧) યોગ ગુરુ બાબા રામદેવ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે આ વર્ષનો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અમદાવાદ ખાતે આયોજિત કરવામાં આવશે.

૨) આ યોગ દિવસમાં આશરે પાંચ લાખથી વધારે લોકો ભાગ લેશે.

૩) ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણી આ યોગ દિવસના સમારોહનું ઉદ્દ્ઘાટન કરશે.

૪) આ કાર્યક્રમનું આયોજન ગુજરાત સરકાર સાથેના સહકારથી કરવામાં આવશે.

૫) અમદાવાદના જી.એમ.ડી.સી.ગ્રાઉન્ડ અને અમદાવાદના એ.ઈ.એસ.મેદાન સયુંકત રૂપથી આ આયોજનની મેજબાની કરશે.

૬) પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 21 જુન વર્ષ 2015 માં દિલ્હી ખાતે ઉજવવામાં આવ્યો હતો.

૭) ભારતના આયુષ મંત્રાલય દ્વારા પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સમીક્ષા 288 (1) તા 15/5/2017

**અરુણા સુંદરરાજન દુરસંચાર વિભાગના સચિવ તરીકે નિયુક્ત કરાયા...**

૧) 10 મે 2017 ના રોજ અરુણા સુંદરરાજનને દુર સંચાર વિભાગના સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) તેઓ આ પદ સાથે ઈલેક્ટ્રોનીક્સ એન્ડ આઈ.ટી. મંત્રાલયના સચિવ તરીકે પણ કાર્યભાર સંભાળશે.

૩) હવેથી તેઓ પી.કે.પૂજારીનું સ્થાન લેશે.પી.કે. પુજારી આ પદ પર માર્ચ 2017 થી આ પદ પર અસ્થાયી રૂપથી હતા.

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

www.edusafar.com

૪) સુંદર રાજન એક આઈ.એ.એસ. અધિકારી છે, જેમણે વર્ષ 1998 માં કેરલમાં આઈ.ટી.વિભાગ બનાવવા માટે મહત્વપૂર્ણ કાર્ય કરેલ છે.

૫) કેરલ સરકાર માટે આઈ.ટી. વિભાગ તૈયાર કરવાનું શ્રેય સુંદર રાજનને જાય છે.

૬) દુરસંચાર સચિવનું પદ માર્ચ 2017 માં જે.એસ. દીપકના જવાથી ખાલી પડ્યું હતું.

૭) જે.એસ.દીપકે નવી ટેલીકોમ પોલીસીમા ફેરફાર લાવવા માટે પણ સુચનો કર્યા હતા.

## સમીક્ષા 289 (1) તા 16/5/2017

**ઈસ્કોનના ગોવર્ધન ઈકો ગ્રામે સ્માર્ટ ગ્રામ પુરસ્કાર જીત્યો...**

૧) ઈસ્કોન દ્વારા થાણે જીલ્લાની આસ–પાસ સ્થાપિત ગોવર્ધન ઈકો ગ્રામ મહારાષ્ટ્ર રાજ્યમાં આવેલ છે.

૨) આ ગામે ગ્રામીણ વિસ્તારોમાં એક સ્થાયી પરિયોજના માટે સ્માર્ટ ગ્રામ પુરસ્કાર જીતેલ છે.

૩) આ ગામ થાણે જીલ્લાના વાડા તાલુકામાં સહ્યાદ્રી પહાડોની તળેટીમાં મુંબઈથી 108 કિમી ઉત્તરમાં આવેલ છે.

૪) આ પુરસ્કાર ભારત વ્યાપાર સંવર્ધન સંગઠન દ્વારા આપવામાં આવે છે.

૫) આ સંસ્થાને ટૂંકમાં આઇ.ટી.પી.ઓ.નામથી પણ ઓળખવામાં આવે છે.(ઈન્ડિયન ટ્રેડ પ્રમોશન ઓર્ગેનાઈઝેશ )

૬) આઈ.ટી.પી.ઓ. વાણીજ્ય અને ઉદ્યોગ મંત્રાલયની પ્રમુખ વ્યાપાર પ્રોત્સાહન એજેન્સી છે.

૭) ઈસ્કોનનું પુરુનામ ઈન્ટરનેશનલ સોસાયટી ફોર કૃષ્ણ કોનશિયાશનેસ થાય છે.

## સમીક્ષા 290 (1) તા 17/5/2017

**દેશના વડાપ્રધાનશ્રીએ મધ્યપ્રદેશમાં નદી સંરક્ષણ પરિયોજનાની શરૂઆત કરી...**

૧) દેશના વડાપ્રધાનશ્રી દ્વારા મહત્વપૂર્ણ નદીઓના સંરક્ષણ માટે નર્મદા સેવા મિશનની સ્થાપના કરેલ છે.

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

www.edusafar.com

૨) સરદાર સરોવર બંધની સ્થાપના રોકવા માટે લાંબો સંઘર્ષનું કેન્દ્ર બનાવને કારણ નર્મદા નદીએ સમગ્ર દેશનું ધ્યાન ખેંચ્યું હતું.

૩) નદીઓના સંરક્ષણનું કાર્ય નવી સરકાર સતામાં આવ્યા બાદ વધારે ઝડપે કરવામાં આવેલ છે.

૪) નર્મદા સેવા યાત્રા 11 ડીસેમ્બર 2016 થી શરુ કરવામાં આવેલ.

૫) આ યાત્રાને સાર્વજનિક ભાગીદારી સાથે વિશ્વની સૌથી નદી સંરક્ષણ અભિયાનના રૂપમાં પ્રસ્તુત કરવામાં આવેલ.

૬) આ યાત્રા 15 મે 2017 ના રોજ પૂર્ણ થયેલ, જે નર્મદા નદીના ઉત્પતિ સ્થાનથી શરુ થયેલ.

૭) નર્મદા નદી મૈકલ પહાડોમાંથી નીકળે છે, તે મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાંથી વહીને અરબ સાગરને મળે છે.

## સમીક્ષા 291 (1) તા 18/5/2017

**યુ.કે.માં ભારતની ઉજાલા સ્કીમ ઘરોમાં રોશની કરશે...**

૧) ભારતે યુ.કે.–લંડનમાં સામાન્ય લોકો માટે સસ્તા એલ.ઈ.ડી બલ્બોની આપૂર્તિ માટેની નવી પહેલની શરૂઆત કરેલ છે.

૨) આ પ્રક્રિયાના અંતિમ તબક્કામાં ભારત,યુ.કે.માં ઉજાલા યોજનાનું લોન્ચિંગ કરશે.

૩) આ પહેલનો ઉદેશ્ય યુરોપીય દેશોની ઉર્જા બચાવવાનો છે.

૪) 'ઉજાલા' સ્કીમ વિશ્વ સ્તર પર સૌથી મોટા દક્ષતા કાર્યક્રમોમાં એક છે.

૫) આ કાર્યક્રમના કારણે ભારત વિશ્વની એલ.ઈ.ડી. રાજધાની બની ચુક્યું છે.

૬) ભારતના કેન્દ્રીય ઉર્જા પ્રધાન પીયુષ ગોયલ છે, આ ખાતા અંતર્ગત આ યોજના કાર્યરત કરવામાં આવશે.

૭) UJALA નું પુરુનામ 'ઉન્નત જ્યોતિ બાય એફોર્ડેબલ એલઈડી ફોર ઓલ' થાય છે.

## સમીક્ષા 292 (1) તા 19/5/2017

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

**કેબીનેટ મંત્રીએ દિવ્યાંગો માટે 15 મી રાષ્ટ્રીય બૈઠકનું ઉદ્દ્ઘાટન કર્યું...**

૧) સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી થાવરચંદ ગહેલોતે દિવ્યાંગો વ્યક્તિઓ માટે એક બેઠકનું આયોજન કરેલ.

૨) આ બેઠકનો હેતુ દિવ્યાંગો વ્યક્તિઓને સમાન અવસર અને અધિકારો તથા સંરક્ષણ તેમજ પૂર્ણ ભાગીદારી આપવા માટેનો છે.

૩) વર્ષ 1995 ના અધિનિયમની સમીક્ષા માટે દિવ્યાંગ વ્યક્તિઓ માટે રાજ્ય આયુક્તોની આ 15 મી બેઠક હતી.

૪) આ બેઠક બે દિવસ માટે આયોજિત કરવામાં આવી હતી.

૫) દિવ્યાંગ વ્યક્તિ આર.પી.ડબલ્યુ.ડી.ના અધિકાર વિધેયક પારિત થવાને કારણે દિવ્યાંગોની શ્રેણીમાં 7 થી 21 ટકાનો સુધારો થયો છે.

૬) સમગ્ર દેશમાં દિવ્યાંગોના કલ્યાણ માટે આ સંસ્થા કાર્ય કરે છે.

**સમીક્ષા 293 (1) તા 20/5/2017**

**અંશુ જામસેન્પા માઉન્ટ એવરેસ્ટને ચાર વાર સર કરનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા...**

૧) અંશુ જામસેન્પાએ 16 મે 2017 ના રોજ ચોથીવાર વિશ્વના સૌથી ઊંચા શિખરને સર કરી લીધેલ છે.

૨) ચાર વાર આ શિખરને સર કરનાર તે દેશના એકમાત્ર મહિલા બની ગયા છે.

૩) તેણીએ 16 મે 2017 ના રોજ માઉન્ટ એવરેસ્ટ ચડીને રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો.

૪) તિબ્બતના ધર્મગુરુ દલાઈલામાએ તેણીને લીલીઝંડી દેખાડી ચડાઈ માટે રવાના કરેલ.

૫) હવે તેણીનું સપનું એવરેસ્ટની પાંચમી વાર ચડાઈ કરવાનું છે, તે માટે અરુણાચલના આ પર્વતારોહી વિશ્વના સૌથી ઊંચા શિખર પર દસ દિવસ પછી ફરીથી ચડવાનું શરુ કરશે.

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

www.edusafar.com

૬) અંશુ જામસેન્પા જો આ અભિયાનમાં સફળ થશે તો પાંચ વાર એવરેસ્ટ સર કરનાર તરીકેનો રેકોર્ડ પ્રસ્થાપિત કરશે.

૭) અંશુ જામસેન્પાએ વર્ષ 2011 માં બે વાર, વર્ષ 2013 માં એકવાર તથા 2017 માં એકવાર મળીને ચાર વાર સફળતા મેળવેલ છે.

**સમીક્ષા 294 (1) તા 21/5/2017**

**રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ મેટાફીઝીક્સ, મેરાલ્સ એન્ડ પોલિટીકસની પ્રથમ પ્રત પ્રાપ્ત કરી...**

૧) 18 મે 2017 ના રોજ કોલકાતામાં પ્રોફેસર અમલ કુમાર મુખોપાધ્યાયે મેટાફીઝીક્સ, મેરાલ્ડ એન્ડ પોલિટીકસ નામના પુસ્તકની પ્રથમ પ્રત પ્રાપ્ત કરેલ છે.

૨) આ અવસર પર રાષ્ટ્રપતિશ્રીએ પ્રો.અમલ કુમાર મુખોપાધ્યાયે કરેલ કાર્યની પ્રસંશા કરી.

૩) પ્રો.અમલ કુમાર મુખોપાધ્યાય પશ્ચિમ બંગાળના રાજકીય વિદ્વાનના રૂપમાં લંડન સ્કુલ ઓફ ઈકોનોમિકસમાં રિસર્ચ સ્કોલરના રૂપમાં પ્રવેશ મેળવેલ છે.

૪) તેમણે 19 મી સદીના આદર્શવાદી અંગ્રેજ રાજનીતિક ચિંતક ટી.એચ.ગ્રીન પર પી.એચ.ડી.નો પ્રારંભ કરેલ છે.

૫) વર્ષ 1965 માં લંડન વિશ્વ વિદ્યાલયે પ્રો. અમલ કુમાર મુખોપાધ્યાયના થીસીસ પર તેમને પી.એચ.ડી.ની ડીગ્રી આપી હતી.

૬) તેમનો થીસીસ ધ ઈથીક્સ ઓફ ઓબિડીએન્સ નામથી પ્રકાશિત થયો હતો.

૭) હવેથી તેઓ તેજ સંશોધનને નવા શીર્ષક હેઠળ પ્રકાશિત કરવામાં માંગે છે.

**સમીક્ષા 295 (1) તા 22/5/2017**

**પૂર્ણિમા બર્મન અને સંજય ગુબ્બીએ પ્રતિષ્ઠિત ગ્રીન ઓસ્કાર એવોર્ડ જીત્યો...**

૧) કર્ણાટકના સંજય ગુબ્બી અને અસમના પૂર્ણિમા બર્મનને પ્રતિષ્ઠિત ગ્રીન ઓસ્કાર એવોર્ડ આપવામાં આવેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૨) વન્યજીવના સંરક્ષણ માટે અપાતા વ્હીટલી પુરસ્કારને ગ્રીન ઓસ્કાર તરીકે પણ ઓળખવામાં આવે છે.

૩) આ પુરસ્કાર યુ.કે. માં નોંધાયેલ ચૈરિટી વ્હીટલી ફંડ ફોર નેચર કન્ઝર્વેશન દ્વારા શરુ કરવામાં આવેલ છે.

૪) સંજય ગુબ્બીને આ એવોર્ડ કર્ણાટકમાં વાઘના સંરક્ષણ માટે આપવામાં આવેલ છે.

૫) પૂર્ણિમા બર્મનને આ એવોર્ડ અસમમાં ગ્રેટર એડઝુજેટ સ્ટોર્ક અને તેમના આવાસના સંરક્ષણ માટે આપવામાં આવેલ છે.

૬) આ પુરસ્કાર વિકાશશીલ દેશોમાં પ્રકૃતિ સંરક્ષણવાદીઓને આપવામાં આવે છે.

૭) આ સંસ્થાને ડબલ્યુ.એફ.એન.ના નામથી પણ ઓળખવામાં આવે છે.

## સમીક્ષા 296 (1) તારીખ 23/5/2017

**મુંબઈ અને ગોવા વચ્ચે હાઈટેક ટ્રેન તેજસ એક્સપ્રેસનો પ્રારંભ કરવામાં આવ્યો...**

૧) 22 મે 2017 ના રોજ રેલમંત્રી દ્વારા વિવિધ સુવિધાઓથી સજ્જ હાઈટેક ટ્રેન તેજસ એક્સપ્રેસનો પ્રારંભ કરાવવામાં આવેલ છે.

૨) આ ટ્રેન શતાબ્દી એક્સપ્રેસ ટ્રેનથી 20 ગણી વધારે મોંઘી છે.

૩) આ ટ્રેનમાં વાઈ–ફાઈ, આગ અને ધૂમ્રપાનની ચકાસણી લગાવવાની સીસ્ટમ, તથા ચા–કોફી વેન્ડિંગ મશીન પણ રહેલ છે.

૪) મુંબઈના શિવાજી ટર્મિનલથી આ ટ્રેનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

૫) તેજસ એક્સપ્રેસ ટ્રેન એક સેમી હાઈ સ્પીડ ટ્રેન છે, જે તમામ આધુનિક સુવિધા કરવામાં આવી છે.

૬) આ ટ્રેનના ડબ્બા પ્રતિ કલાક 200 કિમીની સ્પીડે ચાલવા માટે સક્ષમ છે.

૭) તેજસ એક્સપ્રેસ ટ્રેન કોંકણ બેલ્ટના સઘન હરિયાળી વાળા વિસ્તારોમાંથી પસાર થશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

## સમીક્ષા 297 (1) તા 24/5/2017

**સયુંકત રાષ્ટ્ર દ્વારા પરમાણું પ્રતિબંધ સંધિનો પ્રથમ ડ્રાફ્ટ જાહેર કરવામાં આવ્યો...**

૧) સયુંકત રાષ્ટ્રને સમર્પિત પેનલ દ્વારા સાર્વજનિક રૂપથી તમામ પરમાણું હથિયારો અને તેના અધિકારો તથા તેના ઉપયોગ પર પ્રતિબંધ લગાવવા માટે એક ડ્રાફ્ટ સંધિ જાહેર કરવામાં આવેલ છે.

૨) ડ્રાફ્ટ સંધિ એક નિરંતર અભિયાન છે, જે 130 થી વધારે બિન પરમાણું દેશો દ્વારા સમર્થિત છે.

૩) આ સંધિ પરમાણું હથિયાર ધરાવતા દેશોને પરમાણું હથિયારો પર પ્રતિબંધ લગાવવા માટે રાજી કરવામાં બાબતે બનાવેલ છે.

૪) પરમાણું હથિયાર વાળા દેશોની સંખ્યા નવ છે.

૫) આ નવ દેશોમાં અમેરિકા, બ્રિટન, ચીન,રશિયા, ફ્રાંસ, જાપાન, પાકિસ્તાન, ભારત, ઉત્તર કોરિયા, અને ઈઝરાયેલ દેશનો સમાવેશ થાય છે.

૬) આ સંધિ માટે પરમાણું ધરાવતા દેશોએ તેનું સમર્થન કરેલ નથી.

૭) આ સંધિને માનનાર દેશ ક્યારેય પણ પરમાણું હથિયારોનું ઉત્પાદન અને તેનું વિકાસ કાર્ય કરી શકે નહિ.

## સમીક્ષા 298 (1) તા 25/5/2017

**ભારતીય ક્રિકેટર રવિચંદ્રન અશ્વિનને સર્વશ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા...**

૧) 24 મે 2017 ના રોજ ક્રિકેટર રવિચંદ્રન અશ્વિનને સીએટ ક્રિકેટ રેટિંગ (સી.સી.આર.) આંતરરાષ્ટ્રીય પુરસ્કાર 2017 માં સર્વશ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

૨) પૂર્વ ભારતીય કપ્તાન સુનીલ ગાવસ્કર દ્વારા તેઓએ આ પુરસ્કાર પ્રદાન કરવામાં આવેલ.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૩) ક્રિકેટર રવિચંદ્રન અશ્વિનને ઇંગ્લેન્ડ,ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલીયા તથા બાંગ્લાદેશ સામેની મેચમાં સારું પ્રદર્શન કર્યું હતું.

૪) આ સીરીઝમાં ભારતે 13 મેચોમાંથી 10 ટેસ્ટ મેચો જીતી હતી.

૫) ક્રિકેટર રવિચંદ્રન અશ્વિનને છેલ્લા 12 મહિનામાં 99 વિકેટ હાંસલ કરેલ છે.

૬) યુવા બેટ્સમેન શુભમ ગીલને આ વર્ષના સર્વશ્રેષ્ઠ યુવા ખેલાડીનો પુરસ્કાર આપવામાં આવેલ છે.

૭) શુભમ ગીલને મુંબઈમાં ઇંગ્લેન્ડ વિરુદ્ધ રમાયેલ અન્ડર–19 માં એક દિવસીય સીરીઝમાં સારા પ્રદર્શન માટે આ એવોર્ડ આપવામાં આવેલ.

## સમીક્ષા 299 (1) તા 26/5/2017

**ભારતીય ખેલાડી પી.વી.સિંધુને વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશન એથ્લીટ આયોગ દ્વારા સદસ્યના રૂપમાં પસંદ કરવામાં આવ્યા...**

૧) 24 મે 2017 ના રોજ ભારતીય બેડમિન્ટન ખેલાડી પી.વી.સિંધુને વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશન આયોગ દ્વારા સદસ્યના રૂપમાં પસંદ કરવામાં આવ્યા છે.

૨) તેણીને ચાર જગ્યાઓ પર થયેલા વોટીંગ બાદ બી.ડબ્લ્યુ.એફ.ના સદસ્ય તરીકે પસંદ કરાયા છે.

૩) 21 વર્ષીય ભારતીય તેણીએ 129 મતો મેળવીને મતપત્રમાં સૌથી ઉપરનું સ્થાન હાંસલ કરેલ છે.

૪) પી.વી.સિંધુ આ પદ પર ચાર વર્ષ સુધી સેવા આપશે.

૫) નવા સદસ્યના રૂપમાં જાપાનના શીન્ટા રો ઈકેદા, નેધરલેંડના કોન રીડર અને ભારતના સાયના નહેવાલ ખેલાડીઓના પ્રતિનિધિ મંડળમાં સામેલ થશે.

૬) બી.ડબ્લ્યુ.એફ. વિશ્વસ્તર પર 188 સદસ્યોનો એક સમૂહ છે.

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

૭) કુઆલાલમ્પુર, મલેશિયામાં બી.ડબ્લ્યુ.એફ.નું વડુમથક આવેલ છે.

**સમીક્ષા 300 (1) તા 27/5/2017**

**દેશના પ્રધાનમંત્રીશ્રીએ અસમમાં દેશનો સૌથી લાંબો પુલ ઢોલા સાદિયાનું ઉદ્ઘાટન કર્યું...**

૧) 26 મે 2017 ના રોજ અસમના તીન સુકિયામાં બ્રહ્મપુત્રા નદી પર બનેલા દેશના સૌથી લાંબા ઢોલા સાદિયા પુલનું ઉદ્ઘાટન કરેલ છે.

૨) આ પુલ બ્રહ્મપુત્રા નદીની સહાયક નદી લોહિત નદી પર બનાવવામાં આવ્યો છે.

૩) આ પુલની લંબાઈ ૯.15 કિલોમીટર જેટલી રાખવામાં આવી છે.

૪) આ પુલના કારણે અસમથી અરુણાચલ પ્રદેશમાં યાત્રાનો સમય છ કલાકથી ઘટીને માત્ર એક કલાક રહી જશે.

૫) આ પુલને કારણે અસમ અને અરુણાચલ વચ્ચે પરિવહનથી થનાર પ્રતિ દિન 10 લાખ રૂપિયાનો ખર્ચ બજાવી શકાશે.

૬) આ પુલ દેશનો સૌથી લાંબો પુલ છે, જે 182 સ્થંભો પર તૈયાર થયેલ છે.

૭) આ પુલ 60 ટન યુદ્ધ ટેંકનો ભાર સહન કરી શકે છે, આ પુલ ચાલુ થવાથી ચીની બોર્ડર પર સૈન્ય ઝડપથી મોકલી શકાશે.

**સમીક્ષા 301 (1) તારીખ 28/5/2017**

**દેશના પ્રથમ ઈ–વાહન સાર્વજનિક પરિવહનને લીલીઝંડી આપવામાં આવી...**

૧) હાલની સરકારને ત્રણ વર્ષની યાદ રૂપે કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફદનવીસ સાથે શહેરમાં ટેક્સી એગ્રીગેટરના ઈલેક્ટ્રોનિક વાહન સેવાઓને મંજુરી આપવામાં આવેલ છે.

૨) આ પ્રકારની સેવા પ્રાપ્ત કરનાર નાગપુર દેશનું પ્રથમ રાજ્ય બનેલ છે.

૩) આ પ્રકારના વાહનો માટે બેટરી ચાર્જીંગ સ્ટેશનનું પણ ઉદ્ઘાટન કરવામાં આવેલ.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૪) મહારાષ્ટ્ર સરકાર બેટરી ચાર્જ સ્ટેશનો વધારવા માટે ઝડપથી કાર્યવાહી કરશે.

૫) આ પહેલથી યુવાઓને રોજગારી મળી રહે તે માટે કરવામાં આવેલ છે.

૬) રાજ્યના વાહનવ્યવહારને પણ તેજ ગતિ મળે તે માટે સરકાર સતત પ્રયાસરત રહેશે.

૭) અહી સફળતા મળ્યે અન્ય રાજ્યોમાં પણ શરૂઆત કરવામાંઆવનાર છે.

## સમીક્ષા 302 (1) તા 29/5/2017

**ભારત– મોૌરેશિયસ વચ્ચે ચાર સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા...**

૧) મોૌરેશિયસના પ્રધાનમંત્રી પ્રવીણ કુમાર જુગ્નથ ભારતની ત્રણ દિવસની યાત્રા પર હતા.

૨) કાર્યાલય સંભાળ્યા બાદ આ તેમનો પ્રથમ પોર્ટ ઓફ કોલ છે.

૩) ભારતે તેને વાસ્તવમાં ઐતિહાસિક અને યાદગાર પહેલી યાત્રા બનાવવા માટે એક લાલ કાલીન કે અથનું સ્વાગત કરેલ.

૪) 500 મિલિયન અમેરિકી ડોલરની ક્રેડીટની જાહેરાત સિવાય, ભારતે હિન્દ મહાસાગર ક્ષેત્રમાં સમુદ્રી સુરક્ષાના પ્રમુખ ક્ષેત્રમાં બિન શરતી સહયોગની રજૂઆત કરેલ છે.

૫) ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ મોૌરેશિયસ કોકૌશલ વિકાસ અને માનવ સંસાધન વિકાસ સહીત મહત્વપૂર્ણ  ક્ષેત્રોમાં નિરંતર ભારતીય સમર્થનનું આશ્વાસન આપેલ છે.

૬) મોૌરેશિયસના પ્રધાનમંત્રીએ ભારતના પ્રધાનમંત્રી સાથે વ્યાપક પ્રતિનિધિ સ્તરની ચર્ચા કરેલ.

૭) હાલમાં અમીના ગીરબ– ફકીમ મોૌરેશિયસના રાષ્ટ્રપતિ પદ પર ફરજ બજાવી રહ્યા છે.

## સમીક્ષા 303 (1) તા 30/5/2017

**નજમા હેપતુલ્લાને જામિયા–મિલિયા ઈસ્લામિયા યુનીવર્સીટીના ચાન્સેલર તરીકે નિયુક્ત કરાયા...**

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી  એપ્સ ડાઉનલોડ કરો

૧) મણીપુરના રાજ્યપાલ અને પૂર્વ કેન્દ્રીયમંત્રી નજમા હેપતુલ્લાને જામિયા–મિલિયા ઇસ્લામિયા યુનીવર્સીટીના ચાન્સેલર તરીકે નિયુક્ત કરાયા છે.

૨) જામિયા–મિલિયાના ચાન્સેલર રીટાયર્ડ લેફ્ટનંટ જનરલ એમ.એ.જાકીનો કાર્યકાળ મે 2017 માં પૂર્ણ થઇ રહ્યો છે.

૩) હવેથી નજમા હેપતુલ્લા તેની જગ્યા લેશે, અને તેઓ આગામી પાંચ વર્ષ સુધી આ પદ સંભાળશે.

૪) નજમા હેપતુલ્લાનો જન્મ 13 એપ્રિલ 1940 ના રોજ ભોપાલના મધ્યપ્રદેશમાં થયો હતો.

૫) નજમા હેપતુલ્લા વર્ષ 1986 થી વર્ષ 2012 સુધીમાં પાંચવાર રાજ્યસભાના સદસ્ય રહી ચુક્યા છે.

૬) તેઓ 16 વર્ષ સુધી રાજ્યસભાના ડેપ્યુટી ચેર પર્સન રહી ચુક્યા છે.

૭) તેઓને ઓગસ્ટ, 2016 માં મણીપુરના રાજ્યપાલ નિયુક્ત કરવામાં આવ્યા હતા.

## સમીક્ષા 304 (1) તારીખ 31/5/2017

**રાજન આનંદન આઈ.એ.એમ.એ.આઈ.ના અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા...**

૧) રાજન આનંદનને ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોસીએશન ઓફ ઈન્ડિયાના નવા અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) રાજન આનંદને આ પદ ફ્રીચાર્જના સંસ્થાપક અને મુખ્ય કાર્યકારી કુનાલ શાહ પાસેથી ગ્રહણ કરેલ છે.

૩) આઈ.એ.એમ.એ.આઈ. ના નવા ઉપાધ્યક્ષ મેકમાય ટ્રીપના અધ્યક્ષ દીપ લાકરાને નિયુક્ત કરાયા છે.

૪) દીપ કાલરા મ્યુઝીક એપ સાવનના સહ સંસ્થાપક છે, અને અધ્યક્ષ વિનોદ ભટ્ટના સ્થાનને તે ગ્રહણ કરશે.

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

www.edusafar.com

૫) ભારત અને દક્ષિણ એશિયાના ફેસબુકના પ્રબંધક નિર્દેશક ઉગમ બેદીને સંઘના નવા કોષાધ્યક્ષ બનાવાયા છે.

૬) ઈન્ટરનેટ અને મોબાઈલ એસોસિએશન ઓફ ઈન્ડિયા સોસાયટી અધિનિયમ 1896 અંતર્ગત નોંધાયેલ છે.

૭) આઈ.એ.એમ.એ.આઈ.નું મુખ્ય કાર્યાલય મુંબઈમાં આવેલ છે.

**–પરેશ ચાવડા**

www.edusafar.com